કસ્ટમર સર્વિસ સ્થાનિક અને બહારના ચેકોની ત્વરિત ક્રેડિટ - ઇનહેન્સમેન્ટ ઓફ સિલિંગ


રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા
સેન્ટર ઓફિસ
ડિપાર્ટમેન્ટ ઓફ બેન્કિંગ ઓપરેશન્સ એન્ડ ડેવલપમેન્ટ
સેન્ટર-1, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, કોલાબા, મુંબઈ-400 005

રેફ. ડીબીઓડી. નં. લેગ. બીસી.21/09.07.007/2002-03

23 ઓગસ્ટ, 2002.

તમામ શિડ્યુલેડ કોમર્શિયલ બેંકો
(આરઆરબી અને એલએબી સિવાયની)

સાહેબશ્રી,

કસ્ટમર સર્વિસ - સ્થાનિક અને બહારના ચેકોની ત્વરિત ક્રેડિટ - ઈનહેન્સમેન્ટ ઓફ સિલિંગ

1. મહેરબાની કરીને અમારો તારીખ 29 મે 2000 સરક્યુલર ડીબીઓડી. નં. બીસી.181/ 09.07.007/ 99-2000 જોઈ જવો. જેમાં બેંકોને સલાહ આપવામાં આવી છે કે ગ્રાહક તરફથી મળતા સ્થાનિક કે બહારના ચેક પર રૂ.7,500/- સુધીની તાત્કાલિક ક્રેડિટ આપવી.

2. બેંકોને સલાહ છે કે ઈન્ડિયન બેંક્સ એસોસિયેશન (આઈબીએ)ની ભલામણ હોય તો જ સ્થાનિક કે બહારના ચેક પર ઈમિડિયેટ ક્રેડિટની ટોચ મર્યાદા રૂ.7500/-થી વધારીને રૂ.15,000 કરી શકાશે. આ બાબતના દિશનિર્દેશ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સમયાંતરે રજૂ થતા રહેશે.

3. ગ્રાહક સ્થાનિક કે બહારના ચેક મારફત ઈમિડિયેટ ક્રેડિટ આપવાની હોય તો મોજૂદ સૂચનો સાથે નીચેના દિશાનિર્દેશ પણ ધ્યાનમાં રાખવા.

(i) બહારના ચેક પર સામાન્ય કલેક્શન ચાર્જ અને સ્થાનિક ચેક પર રૂ.પાંચ કલેક્શન ચાર્જ લેવું.

(ii) બેંકે ગ્રાહકના ખાતાનું સંતોષકારક સંચાલન કરવું જોઈએ.

(iii) બેંકે પોતાના સેવિંગ, કરન્ટ અથવા કેશ ક્રેડિટ ખાતાના ખાતેદારોને ભેદભાવ વગર સમાન રીતે સુવિધા આપવી જોઈએ.

(iv) બેંક સુવિધાઓ આપવા માટે ખાતામાં મિનિમમ બેલેન્સની મર્યાદા નક્કી ન કરી શકે.

(v) બેંકના એક્સટેન્શન કાઉન્ટર પર ગ્રાહકોને આ સુવિધા મળવી જોઈએ. આ અંતે બંકોએ ખૂબ સૂચના આપવી.

(vi) અગાઉથી રકમ મળે તેવા ચેક પર ઈમિડિયેટ ક્રેડિટ આપવાની હોય તો રૂ.15,000થી વધુની રકમના આવા ચેક પર વ્યાજ વસુલાતું નથી. આમ કરવાથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના એડવાન્સ અંગેના વ્યાજ દરના સૂચનોનો ભંગ થતો નથી.

(vii) રૂ.15,000થી વધુ રકમનો ચેક ક્લિયરિંગ માટે મળે અને તે ખાતામાં જમા કરવાનું હોય કે અન્ય રીતે, આગળની જે તારીખનો ચેક હોય ત્યાં સુધીનું વ્યાજ (બેંક દ્વારા લેવાતો સર્વિસ ચાર્જ ઉમેરવો) વસૂલવું.

(viii) ચેક રિટર્ન થાય તો બેંકને જ્યાં સુધી નાણાં ન મળે ત્યાં સુધીના સમયનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નક્કી કરેલા દરે વ્યાજ વસુલશે.

એ. જો બહારનો ચેક તેની ક્રેડિટ તારીખ પહેલાં રિર્ટન થાય તો ગ્રાહક પાસેથી વ્યાજ વસુલાતું નથી.

બી. બેંક ચેક રિટર્ન થવાની તારીખથી જ્યાં સુધી બેંકમાં નાણાં જમા ન થાય ત્યાં સુધીનું વ્યાજ વસુલશે.

સી. જો ચેક સેવિંગ બેંક એકાઉન્ટ માટેનો હોય અને તે રિટર્ન થાય તો બેંક તેના પર વ્યાજ વસુલતી નથી.

(ix) અલગ પ્રકારની પે-ઈન-સ્લીપ રજૂ કરવાની બાબતમાં બેંક તેની ચકાસણી કરશે. આ પ્રકારના ચેકની બાબતમાં બેંકને ફંડ મેળવવામાં જે મોડું થાય છે તે સમયનું સામાન્ય વ્યાજ ચૂકવવું પડશે.

(x) બેંક દ્વારા અપાતી સુવિધાની નોટિસ નજરે પડે તે રીતે દરેક બ્રાંચે લગાવવી જોઈએ.

4. તમે તમારી બ્રાન્ચને ઝડપી પગલા લેવાય તે માટે અનુરૂપ સૂચનો કરી શકો છો.

5. મહેરબાની કરીને રસીદ મોકલવી.

આપનો વિશ્વાસુ

(એમ.આર. શ્રીનિવાસન)
પ્રભારી મુખ્ય મહા પ્રબંધક